







પ્લાસ્ટ ઈન્ડિયા-૨૦૧૮ કાર્યક્રમ સંપન્ન થયો અને પાટનગરમાં ગંદકી પણ સાથે સાથે ઠાલવતો ગયો..! એક્ઝીબીશન સેન્ટર ખાતે ગંદકીના ઢગ થઈ ગયા હોવાનું નજરે ચઢે છે. તો બીજી તરફ શહેરના માર્ગો ઉપર આડેધડ બેનર હોર્ડીંગ લગાવી દેવાયા હતા. હવે આ હોર્ડીંગ્સ-બેનર ઉતારવા મહાનગરપાલિકાની ટીમોએ કસરત કરવી પડી રહી છે. દબાણ અધિકારી મહેશ મોડ તથા તેમની ટીમે આજે શહેરના માર્ગો પરથી આ હોર્ડીંગ્સ-બેનરો હટાવવાની કામગીરી કરી હતી.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**સાહેબ, આપણી માંદી બેંકને બચાવવા માટે ગુરુજી એમ કહે છે કે આપણે બેંકમાં પેન પણ દોરડાથી બાંધીને રાખવી અને બચત કરવી...**

# શહેરમાં લગ્નોની મોસમ પુરબહારમાં

### હોળાષ્ટક પહેલાના ત્રણ-ચાર દિવસ શહેરમાં ખુબ લગ્નો : તમામ પાર્ટીપ્લોટ-લગ્નવાડીઓ હાઉસફુલ : ગરબા-સંગીત સંધ્યાના ઢોલ ઢબુક્યા

ગાંધીનગર, તા. ૧૬

હોળાષ્ટક બેસે તે પહેલા શહેરમાં લગ્નોની સિઝન પુરબહારમાં ખીલી છે. તમામ પાર્ટીપ્લોટ, લગ્નવાડીઓ અને કોમન પ્લોટમાં મંડપ બાંધેલા જોવા મળી રહ્યાં છે.

ફાગુણ સુદ બીજ-ત્રીજના શુભ મુહૂર્તમાં શહેરમાં અસંખ્ય લગ્નો યોજાઈ રહ્યાં છે. લગ્નોત્સવના કારણે શહેરનું વાતાવરણ એકદમ જીવંત બન્યુ છે. તો હાઈવે પર આવેલા પાર્ટી પ્લોટ્સમાં પણ લગ્નોની ધૂમ મચી છે. હોળાષ્ટક બેસી જાય એટલે કમુરતા શરૂ થઈ જશે. તે અગાઉના ત્રણ-ચાર દિવસના શુભમુહૂર્તમાં શહેરમાં ખુબ લગ્નો છે. શનિવારે અને રવિવારે તો એટલા બધા લગ્નો છે કે કેટરર્સ અને ડેકોરેટર્સને રીતસર તડાકો પડી ગયો છે. શહેરમાં આવેલી લગ્નવાડીઓમાં બે-બે શીફ્ટમાં લગ્નો અને ભોજન સમારંભ યોજાઈ રહ્યા છે. એવી જ રીતે શહેરની બહાર આવેલા તમામ નાના-મોટા પાર્ટીપ્લોટ્સ રોશનીથી ઝળહળી ઉઠ્યા છે. આ ઉપરાંત શહેરમાં આવેલી વિવિધ સમાજની વાડીઓ, હોલ અને રંગમંચ સુદ્ધા પર લગ્નો યોજાઈ રહ્યા છે. મોડા મોડા જાગેલાઓને તો રંગમંચ પણ ભાડે ન મળતા સોસાયટીના કોમન પ્લોટમાં જ લગ્ન યોજવા પડી રહ્યા છે. રવિવારે ૧૮-૨-૧૮ જેવી તારીખનો સંયોગ હોવાથી ઘણા લગ્નો યોજાશે.



લગ્ન અગાઉ યોજાતી સંગીતસંધ્યા અને ગરબા જેવા પ્રસંગોની ધુમ પણ શહેરમાં જોવા મળી રહી છે. રાત્રે ડીજે પાર્ટીની રમઝટ જોવા મળી રહી છે. મોડી રાત સુધી શહેરમાં જાણે લગ્નોની ધૂમ જોવા મળે છે.

લગ્નપ્રસંગમાં હાજરી આપવા બહારગામથી આવનારા મહેમાનોની અવરજવરથી માર્ગો ધમધમી રહ્યા છે. ચ-૦ અને ઈન્ફોસીટી સર્કલ જેવા વિસ્તારોમાં તો ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ છે. મોડી રાત સુધી શહેરના માર્ગો પર લગ્નોના કારણે વાહનોની અવરજવર જોવા મળી રહી છે.

## વાતવાતમાં

● વિધાનસભાના સચિવ ડી.એમ. પટેલ પાર્લામેન્ટરી એસો.ની બેઠકમાં હાજરી આપવા પટના ગયા છે તેઓ ૧૯મીએ પરત આવશે.

● રાજયના મહેસુલ મંત્રી કૌશિક પટેલે આજે રાજ્યના મહેસુલ અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સીંગથી બેઠક યોજી હતી.

● જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરી દ્વારા આજે દેવ.ના મુવાડા ખાતે સર્વરોગ નિદાન યજ્ઞ યોજાયો હતો.

● લગ્નસરાની ભરચક મોસમને પગલે સરકારી કચેરીઓમાં કર્મચારીઓની પાંખી હાજરી હતી.

● પરીક્ષા અંગે આજે પ્રધાનમંત્રીએ વિદ્યાર્થીઓ સાથે યોજેલ બેઠકમાં જિલ્લાના ચાર હજારથી વધુ શિક્ષકો, બે હજાર જેટલા વાલીઓ અને ૪૭ હજારથી વધુ બાળકોએ ભાગ લીધો હતો.

## જિલ્લામાં ૧૪ નવી પ્રાથમિક શાળાઓ આગામી શૈક્ષણિક સત્રથી શરૂ થશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં આગામી શૈક્ષણિક સત્રથી ૧૪ નવી પ્રાથમિક શાળાઓ શરૂ થશે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા બે દિવસ અગાઉ આ અંગેની સુનાવણી રાખવામાં આવી હતી. જેમાં સુનાવણીને અંતે ૧૪ શાળાઓને મંજૂરી આપવામાં આવી છે.

શિક્ષણ સમિતિના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લામાં ૧૬ પ્રાથમિક શાળાઓએ આ વર્ષે મંજૂરી માંગતી અરજીઓ કરી હતી. આ અરજીઓની ચકાસણી તેમજ સ્થળ તપાસ બાદ સુનાવણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં સુનાવણી બાદ ૧૪ અરજીઓ મંજૂર રાખવામાં આવી છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે ૪ શાળાઓએ વર્ગખંડ વધારવા માટેની મંજૂરી માંગી હતી જેનો પણ સ્વીકાર કરવામાં આવ્યો છે. જિલ્લામાં હાલ પ્રા. શાળાઓની સંખ્યા ખાનગી અને સરકારની ૮૦૦ પર પહોંચવા પામી છે જે ઉલ્લેખનીય છે.

## વિકસતી જાતિ કલ્યાણ ખાતાની કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૧૬

વિકસતી જાતિ કલ્યાણ ખાતાના અધિકારીઓની કામગીરીની સમીક્ષા બેઠક સામાજિક ન્યાય અને અધિકારીતાના મંત્રી ઈશ્વર



પરમારના અધ્યક્ષસ્થાને ગાંધીનગર ખાતે યોજવામાં આવી હતી. સમીક્ષા બેઠકમાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અગ્રસચિવ કમલ દયાની, વિકસતી જાતિ કલ્યાણના નિયામક કે.જી. વણઝારા તથા ખાતાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સમીક્ષા બેઠકમાં ઈશ્વર પરમારે ખાતા દ્વારા અમલિત સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગ, આર્થિક પછાતવર્ગ, લઘુમતી અને વિચરતી વિમુક્ત જાતિની યોજનાઓના અમલીકરણની સમીક્ષા કરી હતી. આ ઉપરાંત ખાતાની કામગીરીના ૯૦ ટકા લક્ષ્યાંકો પૂર્ણ થયેલ હોવાનું આ બેઠકમાં જણાવાયું હતું. પ્રતિ વર્ષ પછાત વર્ગો માટેની ખાતાની કલ્યાણકારી યોજનાઓમાં ૧૦૦ ટકા સિદ્ધિ તથા આદાર્શનિવાસી શાળાઓના ૯૫ ટકા થી ૧૦૦ ટકા જેટલા ઊંચા પરિણામ બાબતે મંત્રી દ્વારા સંતોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો. ઈશ્વર પરમારે જણાવ્યુ હતુ કે, આ ખાતા દ્વારા ગુજરાતની કુલ વસ્તીના આશરે ૬૦ ટકા જેટલા લોકોને આવરી લઈ પ્રતિવર્ષ ૧૧૦૦ કરોડ જેટલુ બજેટ ખર્ચ કરવામાં આવે છે. વધુમાં તેમણે અપેક્ષા વ્યકત કરી હતી કે, આગામી વર્ષોમાં પણ અગાઉની જેમ જ પછાત વર્ગો પ્રત્યે પૂરતી સંવેદનશીલતાથી લક્ષ્યાંક સિદ્ધિની કામગીરી કરવામાં આવશે. સમીક્ષા બેઠકમાં અગ્રસચિવ દ્વારા પણ અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## ગજાનન સેવા સમિતિએ શાળા આરોગ્ય કાર્યક્રમ યોજાયો

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ઈન્ડિયન રેડક્રોસ ગાંધીનગરના સહયોગથી દહેગામ તાલુકાના દેવકરણ મુવાડા વિસ્તારમાં શાળા આરોગ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૯ શાળાના કુલ ૧૦૬૭ વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવ્યા હતા. શાળા આરોગ્ય કાર્યક્રમ અંતરિયાળ વિસ્તારો જેવા કે મોતીપુરા, મોટી પાવઢી તથા ગોપાલપુરાની શાળાઓમાં યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં નવ શાળાઓના ૧૦૬૭ વિદ્યાર્થીઓને તપાસીને યોગ્ય દવા આપવામાં આવી હતી. ડૉ. પ્રવિણ બોઘાણી અને ડૉ. અતુલે વિદ્યાર્થીઓને તપાસીને સેવા આપી હતી.

## આજે ઝૂલેલાલ સાંઈબાબા મંદિર ખાતે સુંદરકાંડનું આયોજન

શહેરના સેક્ટર-૩૦માં આવેલા ઝૂલેલાલ સાંઈબાબા મંદિર ખાતે શનિવારે સાંજે ૯ કલાકે ગાંધીનગર મંડળી દ્વારા સુંદરકાંડનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર તથા આજુબાજુના વિસ્તારોમાં રહેતા ભક્તોને સુંદરકાંડનો લાભ લેવા જણાવાયું છે.

## જિલ્લા સર્વોદય સમાજના ઉપક્રમે ગાંધી જીવનદર્શન વિશે વ્યાખ્યાન

પાટણ, મહેસાણા અને ગાંધીનગર જિલ્લા સર્વોદય સમાજના ઉપક્રમે ૧૮મી ફેબ્રુઆરીને રવિવારે વિસનગર તાલુકાના સર્વોદય આશ્રમ વાલમ ખાતે સવારે ૧૦ કલાકે ગાંધી જીવન દર્શન પર વ્યાખ્યાન આપવામાં આવશે. ગાંધી મિત્રવર્તુળ ગાંધીનગરના પ્રમુખ અને ગાંધી વિચારક ભાનુપ્રસાદ પુરાણી 'ગાંધી જીવન દર્શન' પર જાહેર વાર્તાલાપ કરશે. આ કાર્યક્રમમાં ગાંધીજનોને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

## આજે જે.એમ. ચૌધરી શાળામાં ઈનામ વિતરણ તથા વિદાય સમારંભ

અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે આજે ધોરણ-૧૦ અને ૧૨ની વિદ્યાર્થિનીઓનો વિદાય સમારંભ તથા ઈનામ વિતરણ સમારોહ યોજાશે. કાર્યક્રમમાં જોઈન્ટ કમિશ્નર ઓફ ઈન્કમટેક્ષ યોગેશ રાવલ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત, રોજગાર વિનિમય કચેરીના અધિકારી તથા ગાયત્રી પરિવારના નટુભાઈ પટેલ વિદ્યાર્થિનીઓ માનસિક તણાવ, હતાશા કે ડિપ્રેશન વગર બોર્ડની પરીક્ષા આપી શકે તે માટે શાસ્ત્રોક્ત વિધિ દ્વારા પુષ્પ અભિવૃષ્ટિ કરશે. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ, ઉપપ્રમુખ, તંત્રી, કેમ્પસ ડાયરેક્ટર, ભગિની સંસ્થાના વડાઓ તથા સંપૂર્ણ ચૌધરી સંકુલના હોદ્દેદારો ઉપસ્થિત રહેશે.

## ગાંધીનગરમાં સ્માર્ટ ટેકનોલોજી ફોર હાઉસીંગ એન્ડ ઈન-સી-ટુ સ્લમ રિહેબીલીટેશનનો નેશનલ વર્કશોપ

ગાંધીનગર, તા. ૧૬

મુખ્યમંત્રી વિજયભાઈ



રૂપાણીએ જણાવ્યું છે કે સ્લમ રિહેબીલીટીશન ક્ષેત્રે ગુજરાત દેશભરમાં અગ્રેસર છે.

આ સંદર્ભમાં તેમણે જાહેર કર્યુ કે, રાજયમાં ઝૂંપડપટ્ટી પૂર્નવસન તહેત ઈન-સી-ટુ રિહેબીલીટેશનના ૪૫ હજાર સુવિધાયુકત આવાસ લક્ષ્યાંક સામે ૧૫ હજાર પૂર્ણ થઈ ગયા છે. નવા ૨૫ હજાર આવાસોનું આયોજન પણ રાજ્ય સરકારે કર્યુ છે.

મુખ્યમંત્રીએ સ્માર્ટ ટેકનોલોજી ફોર હાઉસીંગ એન્ડ ઈન-સી-ટુ સ્લમ રિહેબીલીટેશન વિષયક નેશનલ વર્કશોપનો ગાંધીનગરમાં પ્રારંભ કરાવ્યો હતો.

આ એક દિવસીય વર્કશોપમાં દેશના ૨૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના શહેરી વિકાસ સચિવો, વરિષ્ઠ અધિકારીઓએ ભાગ લીધો હતો.

વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, ૨૦૨૨ સુધીમાં દેશના હરેક નાગરિકને છત મળે, આવાસ મળે તે માટેના પ્રધાનમંત્રીના સંકલ્પમાં સ્લમ એન્વાયરમેન્ટ ચેન્જ કરી ઝૂગ્ગી-ઝોંપડી હટાવીને ત્યાં જ સુવિધાસભર આવાસ નિર્માણ માટે ગુજરાતમાં પહેલરૂપ આયામો અપનાવ્યા છે.

તેમણે ઉમેર્યુ કે, માનવીની ત્રણ મૂળભૂત જરૂરિયાતો રોટી, કપડા અને મકાન છે. વિકાસનો મુખ્ય આધાર આ ત્રણ બાબતો છે ત્યારે બહેતરીન આવાસ સુવિધા માનવીને મળે તો લાઈફ સ્ટાઈલ જીવન ધોરણ પણ અપગ્રેડ થાય.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ગુજરાતમાં આ જ બાબત કેન્દ્રસ્થાને રાખીને રાજ્ય સરકારે EWS, સ્લમ રિહેબીલીટેશન, LIG, વગેરેમાં આવશ્યક વસ્તુઓ, સુવિધાઓ, પબ્લીક એમીનીટીઝ આપ્યા છે.

## સુંદરધામ પરિવાર દ્વારા હરિદ્વાર ખાતે રામકથાનું આયોજન

સુંદરધામ પરિવાર દ્વારા શ્રાવણમાસ દરમિયાન હરિદ્વારમાં ગંગા નદીના કિનારે રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. સુંદરધામ આયોજિત સાત દિવસીય કથા સાથે સંપૂર્ણ ૯ દિવસની યાત્રામાં રેલવે દ્વારા આવવા-જવાનું રહેશે. યાત્રામાં જોડાવા ઈચ્છતા ભાવિક ભક્તોએ વહેલી તકે 'સુંદરધામ' - હનુમાનજી મંદિર રાંધેજા ખાતેથી ફોર્મ મેળવી જમા કરાવવાના રહેશે. યાત્રાનો પ્રારંભ ૧લી સપ્ટેમ્બરથી થશે. વધુ માહિતી માટે ફોન નં. ૮૧૪૧૨ ૧૭૦૫૦, ૯૪૨૮૫૯૫૭૪૧, ૯૩૭૪૧૭૭૧૮૪ ઉપર સંપર્ક કરી શકાશે.

## સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પાણી વિનાની પકોડા સરકારને પ્રજા ફગાવી દેશે

### છેલ્લા પાંચ વર્ષમાં વિકાસના નામે થયેલાં 'નિરવ' ભ્રષ્ટાચાર અને કૌભાંડોમાં ઘર... ઘર... મોદી અને ભજીયાવાળા શાહ પેદા થયાં છે : ડો. હિમાંશુ પટેલ

અમદાવાદ, તા. ૧૬

ગુજરાત રાજ્યમાં સ્થાનિક સ્વરાજની યોજાનારી ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ અગાઉની જેમજ અભૂતપૂર્વ જનસમર્થન મેળવી વિજય પ્રાપ્ત કરશે. ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી પછી આજદીન સુધી કોઈ સરકાર જ ના હોય તેવી અતિશય નબળી કામગીરી સાથે પ્રજાનો રોષ યથાવત જ હોવાથી બે જિલ્લા પંચાયત, ૧૭ તાલુકા પંચાયત ઉપરાંત ૭૫ નગરપાલિકાઓમાં નવસર્જન માટે પ્રજાએ સંકલ્પ કર્યો હોવાનું ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે.

કોંગ્રેસનાં પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, ગુજરાતમાં ૧૭મી ફેબ્રુઆરીએ ૭૫ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી અને અન્ય બેઠકોની પેટા ચૂંટણી યોજાનાર છે. જ્યારે બે જિલ્લા પંચાયત અને ૧૭ તાલુકા પંચાયત સાથે જિલ્લા-તાલુકા પંચાયતની કુલ ૩૩ બેઠકોની પેટાચૂંટણી છે. સ્થાનિક સ્વરાજનાં આ ચૂંટણી જંગમાં કોંગ્રેસ પક્ષ અગાઉ કરતાં પણ વધારે બહુમતીથી વિજયી બનશે, એવો વિશ્વાસ વ્યક્ત કરતાં ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, ભાજપ સરકારે છેલ્લાં પાંચ વર્ષમાં દરેક ક્ષેત્રે, દરેક સમાજના અને તમામ વર્ગનાં ભાઈ-બહેનોનું અહિત કરવામાં કશું જ બાકી રાખ્યું નથી. સ્થાનિક સ્વરાજ ક્ષેત્રે સ્વાયતત્તા આપવાનાં બદલે આ સરકારે પ્રજાકીય સત્તાઓમાં અયોગ્ય કાપ મૂકી કિન્નાખોરી દાખવવા સાથે અમાનવીય અભિગમ અપનાવ્યો છે. ખેડૂતો, મહિલાઓઅને ગ્રામીણ યુવાનોનું શોષણ કરવા સાથે નગરપાલિકાઓમાં શહેરી વિકાસનાં નામે નિરવ ભ્રષ્ટાચાર જ કર્યો છે.

ભાજપ સરકારમાં ભ્રષ્ટાચાર અને કૌભાંડોનાં નામે ઘર ઘર મોદી અને ભજીયાવાળા શાહ હોવાનું જણાવતાં તેમણે કહ્યું છે કે, ભાજપનાં ૨૨ વર્ષનાં ગેરવહીવટનાં કારણે પ્રજાને આજે પણ દાખલા, દસ્તાવેજ કે રેશન-આધારકાર્ડ માટે ધક્કા ખાવા પડે છે.




## ધણપ ગાંધીનગર તાલુકા પંચાયત ચૂંટણી કાર્યાલય ખુલ્લુ મુકાયુ

ગાંધીનગર તાલુકા પંચાયત ચૂંટણી તા. ૨૧મી ફેબ્રુ-૨૦૧૮ના રોજ યોજાવાની છે. ત્યારે દક્ષિણ વિધાનસભા મતવિસ્તાર સમાવિષ્ટ ૩૬ તાલુકા પંચાયત બેઠકો પૈકી ૧૦-ધણપ ગાંધીનગર તાલુકા પંચાયત બેઠકમાં ધણપ શીવપુરા કંપા, ગીયોડ, મહુન્દ્રા ગામોનો સમાવેશ થાય છે. આ બેઠક પર ભાજપના ઠાકોર કલીબેન નાગજીભાઈ ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહ્યા છે. ત્યારે મહુન્દ્રા ગામે ભાજપ દ્વારા ચૂંટણી પ્રચાર કાર્યાલયનું ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે ધારાસભ્ય શંભુજી ઠાકોર, આઈ.કે. જાડેજા, મહેન્દ્રસિંહ રાણા, આઈ.બી. વાઘેલા, નથ્થુભાઈ ચૌધરી, હીનાબેન પટેલ, લલિતસિંહ યાદવ, દિલિપભાઈ પટેલ, મણીભાઈ ચૌધરી, લાલભાઈ ચૌધરી, લાલસિંહ ઠાકોર, ભાજપના મહાનુભાવો ઉપરાંત ગિયોડ, છાલા, ધણપ, મહુન્દ્રા, શિવપુરા કંપા ગામોના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.